ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૫ તા. ૦૫.૦૪.૨૦૧૯

-------

**ભાજપાની સરકાર સાથે લોકોની લાગણીઓ અને લોકોની ઈચ્છાઓ સંકળાયેલી છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

--------

**ભાજપા સરકારે રાજ્યની સમગ્ર જનતાના ઉત્થાન અને વિકાસ કાર્યોની વણજાર વણથંભી રીતે આગળ વધારી છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

--------

**લોકોની જીવનશૈલી બદલવા માટે કેન્દ્રની અને રાજ્યની ભાજપા સરકાર હંમેશા કટીબધ્ધ રહીને તે દિશામાં અવિરત કાર્ય કરી રહી છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-------

**આગામી ચૂંટણી આતંકવાદ વિરૂધ્ધ રાષ્ટ્રવાદ અને દેશનું ભવિષ્ય નક્કી કરનારી ચૂંટણી છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

-------

**સમગ્ર દેશમાં આર્થિક અને સમૃધ્ધ પરિસ્થિતીમાં પણ જો દેશ સુરક્ષીત નહીં હોય, તો દેશની જનતાની આ સમૃધ્ધિનું કોઇ મૂલ્ય રહેશે નહી – શ્રી જીતુભાઇ વાઘાણી**

--------

**સમગ્ર વિશ્વમાં ભારત દેશ એક મજબૂત અર્થવ્યવસ્થા તરીકે ઉભરી આવ્યો છે – શ્રી જીતુભાઇ વાઘાણી**

---------

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી આજરોજ અમરેલી લોકસભા હેઠળના લાઠી ખાતે ભાજપાના ઉમેદવાર શ્રી નારણભાઈ કાછડીયાના મધ્યસ્થ કાર્યાલયના ઉદઘાટન કરી, એક વિશાળ જનસભાને સંબોધન કરતાં જણાવ્યું હતું કે, અમરેલી વિસ્તારને ખૂબ જ જાગૃત એવા નારણભાઇ કાછડીયા ૨૦૧૯ની લોકસભા ચૂંટણીના ઉમેદવાર તરીકે મળ્યાં છે, ત્યારે કવિ કલાપીની અને હમીરજીનો ઈતિહાસ ધરાવતી લાઠીની પવિત્ર ધરતી પર ઉભા રહીને હું ગૌરવની લાગણી અનુભવી રહ્યો છું.

લાઠીમાં જ મારૂ બાળપણ વિત્યું છે, અને ધોરણ ૩ થી ૧૦ સુધીનું શૈક્ષણિક ઘડતર પણ થયું છે, એટલે નાની મોટી સમજણ કેળવવામાં મારા જીવનમાં લાઠીનો અમૂલ્ય ફાળો છે. રાજ્યમાં ૧૯૯૫થી ભાજપાની સરકાર કાર્યરત છે. ભાજપાની સરકાર સાથે લોકોની લાગણીઓ અને લોકોની ઈચ્છાઓ સંકળાયેલી છે. માન.પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી હંમેશા કહે છે કે, ગુજરાત મારો આત્મા છે, તો ભારત મારો પરમાત્મા છે. આવા સમર્પિતતાના ભાવ સાથે જેમણે જનતા જનાર્દનની સેવા કરવાની ભેખ લીધી છે, અને દરિદ્રનારાયણના ઘરની અંદર દિપક પ્રગટાવવાનું ભગીરથ કાર્ય તેઓએ કર્યું છે.

ભાજપાના શાસન પહેલાં અને ભાજપાના શાસન દરમ્યાન લાઠીની છબી સ્વયંસ્પષ્ટ છે. ભાજપા સરકાર દ્વારા રાજ્યની સમગ્ર જનતાના ઉત્થાન અને વિકાસ કાર્યોની વણજાર વણથંભી રીતે આગળ વધારી છે. ભાજપાના શાસન પહેલાંના કુશાસન દરમ્યાન સત્તા ભૂખ્યા લોકોએ ખેડૂતોની ચિંતા ન કરી, ગરીબો પ્રત્યે ધ્યાન ન આપ્યું, પાણી જેવી

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org




પ્રાથમિક જરૂરીયાત પ્રત્યે દુર્લક્ષ સેવ્યું, રોડ રસ્તાઓ પણ બિસ્માર હાલતમાં રાખ્યાં જેના માઠા પરિણામો આપણી ભૂતકાળની પેઢીએ ભોગવવા પડ્યાં છે. ૨૦૧૪ બાદ ભાજપા અને એન.ડી.એ.ની સરકાર રચાતા ગુજરાતના સપૂત એવા શ્રી નરેન્દ્રભાઇ મોદીની દુરંદેશીતા અને ત્વરીત નિર્ણય શક્તિના કારણે માતા નર્મદાના નીર જ્યાં વિચાર ન પહોંચે ત્યાં છેવાડાના માનવી સુધી પાણી પહોંચાડવામાં સફળ થયાં છે. ગરીબોના ઉત્થાન માટે ઉજાલા, ઉજ્જ્વલા, પ્રધાનમંત્રી આવાસ યોજના જેવી અનેક સફળ યોજના આપી છે. આ ઉપરાંત રાજ્યના અને રાષ્ટ્રીય ધોરી માર્ગોનો ખૂબ જ વિકાસ થતાં પરિવહન ક્ષેત્રે ગતિ આવી છે, ધંધા અને વ્યાપારમાં જેની સીધી અસર હેઠળ સમૃધ્ધિ વિસ્તરી છે. લોકોની જીવનશૈલી બદલવા માટે કેન્દ્રની અને રાજ્યની ભાજપા સરકાર હંમેશા કટીબધ્ધ રહીને તે દિશામાં અવિરત કાર્ય કરી રહી છે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, જવાહરલાલ નહેરૂ થી લઇને રાહુલ ગાંધી સુધીના બધાજ કોંગ્રેસી નેતાઓએ વંશવાદ, પરિવારવાદ, અને જુઠ્ઠાણા ફેલાવાનું જ કામ કરેલ છે. કોંગ્રેસ અને યુ.પી.એની અગાઉની સરકારોમાં આતંકવાદ ખૂબ જ ચરમસીમાએ હતો, જેને આપણા ગુજરાતી સપૂતે ખાત્મો બોલવવામાં સફળતા મેળવી છે. આજે આતંકવાદ અને આતંકવાદના આકાઓ ભારતદેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નામ માત્રથી ફફડે છે, અને કહે છે કે, ભાજપા સરકાર જો ભારતમાં બનશે તો પાકિસ્તાનમાં માતમ છવાશે.

સમગ્ર દેશમાં આર્થિક અને સમૃધ્ધ પરિસ્થિતીમાં પણ જો દેશ સુરક્ષીત નહીં હોય, તો દેશની જનતાની આ સમૃધ્ધિનું કોઇ મૂલ્ય રહેશે નહી. આગામી ચૂંટણી આતંકવાદ વિરૂધ્ધ રાષ્ટ્રવાદ અને દેશનું ભવિષ્ય નક્કી કરનારી ચૂંટણી છે. દેશની જનતાએ નક્કી કરવાનું છે કે, સમગ્ર વિશ્વમાં ભારતની છબી કોના નેતૃત્વ હેઠળ વધુ સુદ્રઢ બનશે, અને દેશની સલામતી તથા સુરક્ષા મજબૂત બનશે.

વર્ષો પહેલાં આતંકવાદીઓએ શ્રીનગરના લાલચોકમાં ત્રિરંગો ફરકાવવા માટેની ચેલેન્જ આપી હતી.અને તે સમયે કોંગ્રેસના શાસન દરમ્યાન નિર્ભય રીતે ગુજરાતના સપૂત એવા શ્રી નરેન્દ્રભાઇ મોદીએ આ ચેલેન્જ સ્વિકારી ભાજપાના વરીષ્ઠ એવા શ્રી મુરલી મનોહર જોષી સાથે મળીને તેમના નેતૃત્વમાં યાત્રા કાઢી શ્રીનગરના લાલચોકમાં ત્રિરંગો ફરકાવ્યો હતો.

શ્રી વાઘાણીએ અંતમાં જણાવ્યું હતું કે, આજે સમગ્ર વિશ્વમાં ભારત દેશ એક મજબૂત અર્થવ્યવસ્થા તરીકે ઉભરી આવ્યો છે. આજે આંતરરાષ્ટ્રીય સ્તરે વિશ્વની મોટાભાગની મહાસત્તાઓ ભારત સાથે ખભેખભો મિલાવીને વિકાસની હરણફાળ ભરવા આતુર હોય છે.સમય આવ્યો છે, માન. શ્રી નરેન્દ્રભાઇ મોદીને ફરીથી સત્તારૂઢ કરીએ અને ભારતને વિશ્વની મહાસત્તાઓની હરોળમાં લઇ જવા માટે તેમને સહયોગ આપીયે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૬ તા. ૦૫.૦૪.૨૦૧૯

-----------

અંગ્રેજોની ગુલામીમાંથી મૂક્ત થયાં બાદ નહેરૂને બદલે સરદાર પટેલ જો વડાપ્રધાન બન્યાં હોત તો ભારતની છબી દુનિયા સમક્ષ કંઇક જુદી જ હોત – શ્રી વિજભાઇ રૂપાણી

-----------

શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગરીબ પરિવારોના સાચા હમદર્દ બની તેમને ઉપર લાવવાનું ભગીરથ કાર્ય કર્યું – શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

એક જ પરિવારના લોકોએ સત્તા ચલાવી તેને કારણે દેશ બરબાદ કરી નાંખ્યો – શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

ભારત દેશની વિકાસનીતિ અને વિદેશનીતિના કારણે બહારના દેશોનું મૂડી રોકાણ ભારતમાં આવ્યું અને અનેક રોજગારીની નવી તકો ઉભી થઇ. દુનિયાની નવી ટેકનોલોજીઓ ભારતમાં આવી. – શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

આજે દેશના સૈન્યને નવી ટેકનોલોજીથી સજ્જ હથિયારો પુરા પાડી મજબૂત કરવામાં,
કૃષિ ક્ષેત્ર વિવિધ ટેકનોલોજીના માધ્યમથી ઉત્પાદન વધારવામાં,
સ્વચ્છતા અભિયાનમાં દુનિયાના અન્ય દેશોની હરોળમાં આવીને ઉભો રહ્યો છે

-----------

કોંગ્રેસ પાંચ વર્ષમાં જ સત્તા વિહોણી રહેવાથી બેબાકળી બની ગઇ છે. – શ્રી વિજયભાઇ રૂપાણી

-----------

આજરોજ પંચમહાલ લોકસભા સીટના ભાજપાના ઉમેદવાર શ્રી રતનસિંહ ચૌહાણના સમર્થનમાં કાલોલ ખાતે માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ વિશાળ જનસભા સંબોધી હતી. આ પ્રસંગે વર્તમાન સાંસદ આદરણીયશ્રી પ્રભાતસિંહ ચૌહાણ, ધારાસભ્યશ્રી સી. કે. રાઉલજી તથા જિલ્લાના ભારતીય જનતા પાર્ટીના સંગઠનના આગેવાનો અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં.

ભારત દેશ અંગ્રેજોની ગુલામીમાંથી મૂક્ત થયાં બાદ નહેરૂને બદલે સરદાર પટેલ જો વડાપ્રધાન બન્યાં હોત તો ભારતની છબી દુનિયા સમક્ષ કંઇક જુદી જ હોત. કાશ્મીરમાં ૩૭૦ની કલમ ન હોત અને કાશ્મીર સમસ્યા પણ ન હોત. ભારત દેશ વાસ્તવમાં "સોને કી ચિડીયા" જેવો હોત.

૨૦૧૪ પહેલાં યુ.પી.એ.ની સરકાર હતી. મનમોહનસિંહ વડાપ્રધાન તરીકે સત્તારૂઢ હતાં, પરંતુ શ્રીમતી સોનીયા ગાંધીના રીમોટથી આ સરકારનું સંચાલન થતું હતું. એ વખતે દેશનું માથું શરમથી ઝૂકી જાય તેવા ઉપરા ઉપરી અનેક કૌભાંડો થતાં હતાં. દેશ હતાશ હતો અને દેશની પ્રજા પરિવર્તન ઇચ્છતી હતી, ત્યારે ૨૦૧૪ની લોકસભાની સામાન્ય ચૂંટણીમાં "અબ કી બાર મોદી સરકાર" "હર હર મોદી ઘર ઘર મોદી" ના નારાએ દેશના લોકોમાં એક નવી આશા, અપેક્ષા

..૨..

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



અને સ્વપ્ન જગાવ્યાં. હવે શ્રી નરેન્દ્રભાઇ મોદી જ કંઇક કરી શકશે, તેવા વિશ્વાસ સાથે દેશની જનતાએ તેમને વડાપ્રધાન તરીકે સત્તારૂઢ કર્યા. શ્રી નરેન્દ્રભાઇએ તેમના પહેલાં જ વકતવ્યમાં કહ્યું કે, હું પ્રધાનમંત્રી નથી, આ દેશનો પ્રધાનસેવક બનીને દેશની સેવા કરવા ઇચ્છું છું. શ્રી નરેન્દ્રભાઇએ નબળા વર્ગના લોકો માટે તેમજ પીડિત, શોષીત અને વંચિતો માટે અનેક યોજનાઓ સફળતાપૂર્વક અમલ મૂકી. તેમને પાંચ વર્ષમાં સાચા અર્થમાં ગરીબોની ચિંતા કરી જનધન યોજના, ઉજાલા યોજના, ઉજ્જ્વલા યોજના, શૌચાલયનું નિર્માણ, પ્રધાનમંત્રી આવાસ યોજના જેવી યોજનાઓ અમલમાં મૂકી શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગરીબ પરિવારોના ઉત્થાન માટે ભગીરથ કાર્ય કર્યું.

એક જ પરિવારના લોકોએ સત્તા ચલાવી તેને કારણે દેશ બરબાદ કરી નાંખ્યો. વિદેશોમાં ભારતની છબી ખરડાઇ હતી, ત્યાં ભારતનું ચિત્ર ભૂખમરો, ગંદકી, ગરીબી, અલ્પવિકસીત રાષ્ટ્ર તરીકેનું ઉપસી આવ્યું હતું. ૨૦૧૪ પછી શ્રી નરેન્દ્રભાઇ મોદીના સત્તારૂઢ થયા બાદ અનેક કડક પગલાંઓ દ્વારા ભારત એક સશક્ત રાષ્ટ્ર, અને ઝડપથી વિકાસ પામતા રાષ્ટ્ર તરીકે ઉપસી આવ્યું. ભારત દેશના આવા યોજનાબધ્ધ પગલાં લેવાના કારણે દુનિયાના મોટાભાગના દેશો ભારતની પડખે ખભેખભા મિલાવી ઉભા રહ્યાં. ભારત દેશની વિકાસનીતિ અને વિદેશનીતિના કારણે બહારના દેશોનું મૂડી રોકાણ ભારતમાં આવ્યું અને અનેક રોજગારીની નવી તકો ઉભી થઇ. દુનિયાની નવી ટેકનોલોજીઓ ભારતમાં આવી. આજે ભારત દેશ રોજગારી ઉભી કરવામાં, મૂડી રોકાણ કરવામાં, દેશના સૈન્યને નવી ટેકનોલોજીથી સજ્જ હથિયારો પુરા પાડી મજબૂત કરવામાં, કૃષિ ક્ષેત્ર વિવિધ ટેકનોલોજીના માધ્યમથી ઉત્પાદન વધારવામાં, સ્વચ્છતા અભિયાનમાં, સંશોધન ક્ષેત્રમાં, અંતરિક્ષ ક્ષેત્રમાં પણ દુનિયાના અન્ય દેશોની હરોળમાં આવીને ઉભો રહ્યો છે. ભારતીય જનતા પાર્ટી ૪૫ વર્ષ સુધી વિપક્ષમાં રહી પરંતુ ક્યારેય માનસિક સંતુલન ખોયું ન હતું, જ્યારે કોંગ્રેસ પાંચ વર્ષમાં જ સત્તા વિહોણી રહેવાથી બેબાકળી બની ગઇ છે.

આગામી તા. ૨૩ એપ્રિલના રોજ યોજાનારી લોકસભાની ચૂંટણીમાં દેશની જનતાએ નક્કી કરવાનું છે, કે હવે તેઓને ભ્રષ્ટાચાર આચારનારી મજબૂર સરકાર જોઇએ કે ભ્રષ્ટાચાર મૂક્ત કડક નિર્ણયો થકી રાષ્ટ્રભક્ત મજબૂત સરકાર જોઇએ. જેમની રગે રગમાં દેશભક્તિ છે તેવા આપણાં સૌના લોકલાડીલા અને ગુજરાતના સપૂત એવા શ્રી નરેન્દ્રભાઇ મોદીને મજબૂત બનાવવા માટે તેમજ ભારતના અવિભાજ્ય અંગ એવા કાશ્મીરને આતંકવાદથી બચાવવા માટે અને દેશમાંથી આતંકવાદને ભૂતકાળ બનાવવા માટે ગુજરાતમાંથી તમામ ૨૬ કમળો ખીલવવા પંચમહાલ જિલ્લાના કાલોલ ખાતેથી શ્રી વિજયભાઇ રૂપાણીએ હાકલ કરી હતી.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૭ તા. ૦૫.૦૪.૨૦૧૯

-----------

**ગાંધીનગર લોકસભા ફોર્મ ચકાસણી સમયે કોંગ્રેસના આક્ષેપો આધારહીન, જુઠ્ઠાં, બાલીશ અને હાસ્યાસ્પદ છે. – શ્રી ભરત પંડ્યા**

-----------

**ગુજરાતના સપૂત અને ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહ દેશનું મજબૂત રાષ્ટ્રીય નેતૃત્વ હોવાને કારણે તેમની સામે જૂઠા આક્ષેપો કરીને પ્રચાર માધ્યમોમાં ચમકવાનું અપકૃત્ય કરે છે – શ્રી ભરત પંડ્યા**

-----------

**કોંગ્રેસ હતાશ છે, પોતાની નિશ્ચિત હાર ભાળી ચૂકી છે તેથી પાણીમાંથી પોરા કાઢીને ભાજપાના નેતૃત્વ સામે માત્ર અપપ્રચાર કરવાનું નિંદનીય કામ કરે છે – શ્રી ભરત પંડ્યા**

-----------

**કોઈ પણ તપાસ કર્યા વગર જે લોન પૂરી થઇ ગયેલ છે અને મોર્ગેજ રિલીઝ થઈ ગયેલ છે તે અંગેનો તેમનો વાંધો હાસ્યાસ્પદ છે, આવા જુઠ્ઠાં વાંધાને કારણે કોંગ્રેસનો બદઈરાદો માત્ર વ્યક્તિને ખોટી રીતે બદનામ કરવાની છે તે સ્પષ્ટ થાય છે – શ્રી ભરત પંડ્યા**

-----------

**કોંગ્રેસ હંમેશા ગુજરાત અને ગુજરાતના નેતૃત્વનું સતત અપમાન અને ઈર્ષા કરતી આવી છે.**
**કોંગ્રેસે પહેલાં સરદાર પટેલ, શ્રી મોરારજીભાઇ દેસાઇની અવગણના-અપમાન અને ઈર્ષા કરતી હતી, હવે શ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રી અમિતભાઈ શાહના મજબૂત નેતૃત્વની ઈર્ષા કરીને તેમના પર બેબુનિયાદ અને જુઠ્ઠાં આક્ષેપો દ્વારા અપપ્રચાર કરી રહી છે**
**– શ્રી ભરત પંડ્યા**

-----------

ભાજપા પ્રદેશ પ્રવક્તા શ્રી ભરત પંડ્યાએ કોંગ્રેસ પ્રમુખશ્રી અમિત ચાવડા અને કોંગ્રેસ ગાંધીનગરના ઉમેદવાર શ્રી સી.જે.ચાવડાના પાયા વગરના અને બેજવાબદાર આક્ષેપોને ફગાવીને તીવ્ર પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષ શ્રી અમિતભાઈ શાહ જે ગુજરાતના સપૂત અને ગાંધીનગર લોકસભા બેઠકના ભાજપાના ઉમેદવાર છે, તેમની સામે ફોર્મ ચકાસણી સમયે આધારહીન અને જુઠ્ઠાં આક્ષેપો કરતો વાંધાપત્ર કોંગ્રેસે ચૂંટણી અધિકારી સમક્ષ રજૂ કર્યો હતો. જેને ચૂંટણી અધિકારીએ ફગાવી દઈને ભાજપાના ઉમેદવારનું ફોર્મ કાયદાકીય રીતે સંપૂર્ણ યોગ્ય હોવાને લીધે તે સ્વીકારી લીધેલ હતુ.

શ્રી પંડ્યાએ જણાવ્યું હતું કે, વર્ષોથી રાજકારણમાં રહેલા શ્રી સી.જે.ચાવડા અને કોંગ્રેસને ચૂંટણીની પ્રક્રિયા અંગે સામાન્ય જાણકારી ન હોય તેવું પ્રતિપાદિત થાય છે, તેમણે ક્ષેત્રમાં માનનીય સુપ્રીમ કોર્ટના ચુકાદાનું જ આધાર રજુ કરેલ છે, તેને તેમણે રજૂ કરેલા વાંધાઓ સાથે કોઈ સંબંધ નથી. તદ્દન બાલિશ કહી શકાય તેવા વાંધાઓ રજુ કરેલ છે. જે ચૂંટણી અધિકારીએ અમાન્ય ઠેરવેલ છે. ભાજપના ઉમેદવારના બેંકમાં મુકેલ મોર્ગેજની જવાબદારીનો વિષય રજૂ કર્યો હતો. સામાન્ય માણસને પણ ખબર પડે છે કે, મોર્ગેજ મિલકતની કોઇ નાણાકીય જવાબદારી જ્યાં સુધી ડીફોલ્ટ ન થાય ત્યાં સુધી તે ઉદ્ભવે જ નહીં. આવા જુઠ્ઠાં વાંધાને કારણે કોંગ્રેસનો બદઈરાદો માત્ર વ્યક્તિને ખોટી રીતે બદનામ કરવાની છે તે સ્પષ્ટ થાય છે. કોઈ પણ તપાસ કર્યા વગર જે લોન પૂરી થઇ ગયેલ છે અને મોર્ગેજ રિલીઝ થઈ ગયેલ છે તે અંગેનો તેમનો વાંધો હાસ્યાસ્પદ છે.

શ્રી પંડ્યાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ હતાશ છે, પોતાની નિશ્ચિત હાર ભાળી ચૂકી છે, જનતાની વચ્ચે જતી નથી અને પાણીમાંથી પોરા કાઢીને માત્ર અપપ્રચાર કરવાનું નિંદનીય કામ કરે છે. શ્રી અમિતભાઈ શાહ દેશનું મજબૂત રાષ્ટ્રીય નેતૃત્વ હોવાને કારણે તેમની સામે જૂઠા આક્ષેપો કરીને પ્રચાર માધ્યમોમાં ચમકવાનું અપકૃત્ય કરે છે. કોંગ્રેસ હંમેશા ગુજરાત અને ગુજરાતના નેતૃત્વની જુઠ્ઠાં આક્ષેપો દ્વારા સતત બદનામ કરવાનું કૃત્ય કરતી રહી છે, કોંગ્રેસે પહેલાં સરદાર પટેલ, શ્રી મોરારજીભાઇ દેસાઇની અવગણના-અપમાન અને ઈર્ષા કરતી આવી છે, હવે શ્રી નરેન્દ્રભાઇ મોદી અને શ્રી અમિતભાઈ શાહ પર બેબુનિયાદ અને જુઠ્ઠાં આક્ષેપો દ્વારા અપપ્રચાર કરી રહી છે, પરંતુ ગુજરાત અને દેશની જનતા કોંગ્રેસના આ વિકૃત ઈરાદા જાણી ચૂકી છે અને આગામી લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસને જડબાતોડ જવાબ આપીને ભાજપાને ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર ભવ્ય વિજયી બનાવશે તેવો વિશ્વાસ છે.

કોંગ્રેસના સોગંદનામામાં કાયદાકીય ક્ષતિ હતી, જે તેના ઉમેદવારી પત્રનું ફોર્મ ભરવા અંગે તેમની અજ્ઞાનતાને પ્રદર્શિત કરતી હતી તેમ શ્રી પંડ્યાએ અંતમાં જણાવ્યુ હતુ.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
### શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ-૦૮ તા. ૦૫.૦૪.૨૦૧૯

-----------

**રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી**
**આવતીકાલે સુરત અને નવસારી ખાતે જંગી જનસભાને સંબોધશે.**

-----------

**ભાજપાના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી**
**આવતીકાલે પાટડી અને સાયલા ખાતે જંગી જનસભાને સંબોધશે**

-----------

ભાજપા મીડિયા સેલની અખબારી યાદી જણાવે છે કે, ગુજરાત રાજ્યના માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી આવતીકાલે તા. ૦૬ એપ્રિલ શનિવારના રોજ ૨૪ - સુરત લોકસભા અને ૨૫-નવસારી લોકસભા મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરી જંગી જનસભાને સંબોધન કરશે. માન. મુખ્યમંત્રીશ્રીનો કાર્યક્રમ નીચે મુજબ છે.

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૦૬/૦૪/૨૦૧૯ | સાંજે ૦૬-૦૦ કલાકે | મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન અને જનસભા<br>સ્થળ:૯, અંબા નગર, સોસીયો સર્કલ, ઉધના મગદલ્લા રોડ, સુરત. |
| ૦૬/૦૪/૨૦૧૯ | રાત્રે ૦૮-૩૦ કલાકે | મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન અને જનસભા<br>સ્થળ: શૌરીન શોપર્સ, સિંધુ સેવા સમિતિની પાસે, નોવો એપેક્ષની સામે, રાંદેર-અડાજણ સુરત. |

જ્યારે ગુજરાત ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી આવતીકાલે તા.૦૬ એપ્રિલ શનિવારના રોજ સુરેન્દ્રનગર લોકસભાના પાટડી અને સાયલા ખાતે મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન કરી જંગી જનસભાને સંબોધન કરશે. માન. પ્રદેશ અધ્યક્ષશ્રીનો કાર્યક્રમ નીચે મુજબ છે.

| તારીખ | સમય | કાર્યક્રમની વિગત |
|---|---|---|
| ૦૬/૦૪/૨૦૧૯ | | મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન અને જનસભા<br>સ્થળ – કડવાપાટીદાર હોલ, મુ.પો. તા. પાટડી, જિ. સુરેન્દ્રનગર |
| ૦૬/૦૪/૨૦૧૯ | રાત્રે ૦૮-૦૦ કલાકે | મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્‌ઘાટન અને જનસભા<br>સ્થળ – મુ.પો. તા. સાયલા, જિ. સુરેન્દ્રનગર. |

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૯ તા. ૦૫.૦૪.૨૦૧૯

-----------

## ચેટીચંડ-ગૂડી પડવાની શુભેચ્છા પાઠવતા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી

-----------

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ શનિવાર, તા. ૬ એપ્રિલ-૨૦૧૯ એ ઉજવાનારા ચેટીચંડ અને ગૂડી પડવાના પાવન પર્વે સિંધી અને મરાઠી સમુદાયના સમસ્ત ભાઈ-બહેનોને હૃદયપૂર્વકની શુભેચ્છા પાઠવી છે.

મુખ્યમંત્રીશ્રીએ તેમના શુભેચ્છા સંદેશમાં જણાવ્યું છે કે ચેટીચંડ અને ગૂડી પડવાના મંગલ પર્વોનો આ સુભગ સમન્વય સામાજિક સમરસતા, આપસી પ્રેમ, શાંતિ-ભાઈચારા અને સદભાવનાનો ઉદ્દીપક બનશે.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

---

પ્રેસનોટ-૧૦ તા. ૦૫.૦૪.૨૦૧૯

-----------

## ચેટીચંડ-ગૂડી પડવા નિમિત્તે પ્રજાજનોને મંગલ શુભકામનાઓ પાઠવતા ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી

-----------

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણીએ ચેટીચંડ અને ગૂડી પડવાના પાવન પર્વે સિંધી અને મરાઠી સમુદાયના સમસ્ત ભાઈ-બહેનો અને રાજ્યની સમગ્ર જનતાને મંગલ શુભકામનાઓ પાઠવી છે.

શ્રી વાઘાણીએ તેમના શુભેચ્છા સંદેશમાં જણાવ્યું છે કે, આસ્થાના પ્રતીક સમાન શ્રી ઝુલેલાલ ભગવાનનું જીવન જ માનવ માત્રને શાંતિ, ભાઇચારા અને પ્રેમથી જીવવાનો સંદેશ આપે છે.

મરાઠી ભાઇઓ-બહેનોને 'વર્ષપ્રતિપદા' ગુડીપડવાના પ્રસંગે સમગ્ર રાજ્યમાં સુખ-શાંતિ અને સમૃધ્ધિ સ્થાપિત રહે તથા શક્તિની આરાધના માટેના ચૈત્રી નવરાત્રીના પ્રારંભે સર્વે પ્રજાજનોને શુભેચ્છાઓ પાઠવી હતી.

(પ્રશાંત વાળા)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ